# I B Patel English School (Primary)

**2020 - 2021**

**Class - 5**

**EXERCISE - 1**

**Subject – GUJARATI**

**Chapter : 1 વાંદરાને વાંચતાં ન આવડે**

## 1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

1. વાંદરાનું નામ શું હતું?
2. વાંદરાની ચિંતા કોણ કરતું હતું?
3. ઘર વગર વાંદરાઓને કઈ-કઈ મુશ્કેલી પડી?
4. ઠંડીથી બચવા વાંદરાઓએ શું કર્યું?
5. 'આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે.' – એવું વાંદરાએ કેમ કહ્યું હશે?
6. વાંદરાઓ વારંવાર શું બોલતા હતા?
7. સુઘરીની સલાહ સાચી હતી કે ખોટી? કેમ?
8. સુઘરીએ વાંદરાની ચિંતા કેમ છોડી દીધી?
9. નીચેનામાંથી કોણ-કોણ પોતાનું ઘર બનાવે?

   (1) બિલાડી (2) ચકલી (3) કબૂતર (4) કૂતરો (5) ગાય

## 2. છૂટી ગયેલા શબ્દ શોધો. વાક્યમાં જોઈ વાક્ય ફરીથી લાખો.

ઉદા. બારેમાસએકઝાડથીબીજાપરફરતોરહે.

બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરતો રહે.

1. ખટખટેઘરપાસેઅચરજજોયું.
2. બિચારાવાંદરાભાઈઠંડીથીકેવાછે!
3. ઉનાળામાંગરમીલાગશેનેચોમાસમાંબચીશકાશે.
4. ખટખટએયતારેનથીબનાવવું?
5. વાંદરાઓએનબનાવ્યુંતેજબનાવ્યું.

## 3. ખાલી જગ્યા પૂરો.

1. માણસોને તાપતાં જોઈ ખટખટને ____________ લાગી. (નવાઈ, નવરાશ)
2. માણસો ____________ થી તાપતા હતા અને વાંદરાઓએ તાપણું કરવા __________ ભેગાં કર્યાં. (લાલ મરચાં, લાલ અંગારા, લાલ લાકડાં)
3. ખટખટે હૂપાહૂપ કરીને પોતાના _________ બોલાવ્યા. (મિત્રો, વાંદરાઓ)
4. ઉનાળામાં ખટખટને ખૂબ _________ થતો. (રેબઝેબ, પરસેવો)
5. આખરે થાકીને સુઘરીએ વાંદરાઓની _________ કરવાની છોડી દીધી. (કદર, ફિકર)

## 4. સરખા અર્થવાળા વાક્યોને જોડો.

| અ | બ |
|---|---|
| 1. બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલતા હતા. | ક. આકાશમાંથી ખુબ પાણી વરસ્યું. |
| 2. અચાનક વરસાદ તૂટી પડ્યો. | ખ. તેમણે ઊંચો મિનાર જેવો આકાર કર્યો. |
| 3. આકાશમાંથી આગ વરસી રહી છે. | ગ. તેઓ ઠંડીથી થથરતા થથરતા વાતો કરતા હતા. |
| 4. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરે. | ઘ. ખુબ તાપ લાગે છે. |
| 5. વાંદરાઓએ પૂછડીઓનો મિનારો બનાવ્યો. | ચ. આખું વર્ષ તેઓ ફર્યા કરે. |

## 5. ઋતુ ઓળખો અને લખો.

1. મારા ઘરમાં મને જરાય ઠંડી ન લાગે. ___________
2. બધા વાંદરા પાણીથી ભીંજાઈ ગયા. ___________
3. સુઘરી માળામાં ઝૂલતી હતી. ___________
4. વાંદરા પૂંછડી માથે મૂકી બેઠા. ___________
5. વાંદરાઓએ માણસની નકલ કરી. ___________
6. ઝાડના છાંયે બેસી વાંદરા એકબીજાને પંખો નાખતા હતા. ___________
7. આકાશમાંથી વરસે આગ ડોસી મને પવન નાખ. ___________
8. સળગાવીને લાકડાં, તાપણું કરે માંકડા. ___________
9. ડાળે ડાળે ફરીએ ને કુદીએ ઘરનાં છાપરાં. ___________
10. ગડગડાટ કરતાં વાદળાં, પાણી આગળ પાછળ. ___________

## 6. શું હલકું? શું ભારે? કેવી રીતે ખબર પડે? લખો.

1. સુઘરીનો માળો કે ઝાડની ડાળ.
2. લાકડાનું ટેબલ કે પ્લાસ્ટિકની ખુરશી.
3. ગુજરાતીની ચોપડી કે ગણિતની ચોપડી.
4. પેન્સિલ કે રબર.
5. લખોટી કે પ્લાસ્ટિકનો દડો.

## 7. કોણ છે તે શોધો અને તેના વિશે એક વાક્ય લખો.

**ઉદા.** ચાર અક્ષરનું એક નામ
નામના છેલ્લા બે અક્ષરો છે 'તર'
ત્રીજો અને પહેલા અક્ષરથી બને 'તક'
તો એ કોણ હશે?

વાક્ય: <u>કબૂતરને ચણતાં જોવાની મજા પડે.</u>

1. ચાર અક્ષરનું એનું નામ
   નામના પહેલા બે અક્ષરો છે 'કરો'
   પહેલા અને છેલ્લા અક્ષરથી બને 'કચો'

ત્રીજો અક્ષર તમે ધરશો,

તો મળશે આઠ પગવાળા જંતુનું નામ

વાક્ય: ______________________________

2. ચાર અક્ષનું એનું નામ

તેના ત્રીજા, બીજા અને પહેલા અક્ષરથી બને ‘ચરક’

ચોથા અને પહેલા અક્ષરથી બને ‘લોક’

તો એ કોણ હશે?

વાક્ય: ______________________________

3. ચાર અક્ષનું છે નામ

પહેલા અને બીજા અક્ષરથી બને ‘દર’

પહેલા અને ચોથા અક્ષરથી ‘દડો’

પહેલા ત્રણ અક્ષરોથી બને એક કારીગર

તો એ કોણ હશે?

વાક્ય: ______________________________

4. પાંચ અક્ષરનું છે નામ.

પહેલા બે અક્ષરથી બને ‘કાન’

ત્રીજો અને પાંચમો અક્ષર ભેગા થઈ બને ‘ખરો’

ચોથો અક્ષર માથામાં પડે તો ખંજવાળ આવે.

તો એ કોણ હશે?

વાક્ય: ______________________________

**8. તફાવત શોધો અને લખો.**





**તેજલનું ઘર** | **વિવેકનું ઘર**

# તેજલના ઘર પાસેનો લીમડો જાડો છે.

______________________________

______________________________

# વિવેકના ઘર પાસેનો લીમડો પાતળો છે.

______________________________

______________________________

**9.** કાવ્યનું વાંચન કરી તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

## ટીકુબહેન તો વાંચનનાં શોખીન





ટીકુબહેન તો વાંચનનાં શોખીન
વાંચે નાના અક્ષરવાળી ચોપડીઓ રંગીન
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
છોટા ભીમ ને સોટીપોટી.... બધું જ વાંચે ખૂબ
બધી જ વાર્તા દાદી માફક બોલે આબેહૂબ
ટીકુબહેનનું લેશન કરતો વાર્તામાંનો જીન!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
ટીકુબહેનના ઘરમાં તો છે ચોપડીઓના થપ્પા
ટીકુની આજ્ઞાથી સાથે વાંચે મમ્મી-પપ્પા
વાંચતાં-વાંચતાં ઊંઘી જાય ને પહોંચી જાતાં ચીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન
એક દિવસ તો અજવાળામાં થયાં ટીકુબહેન ગૂમ
આખા ફળિયે શોધે સૌ કોઈ, ઝાઝી પાડે બૂમ
શાણાં ટીકુબહેન પલંગ નીચે વાંચનમાં તલ્લીન...!
ટીકુબહેન તો વાંચનનાં શોખીન

- હર્ષવી પટેલ



**પ્રશ્નો:**

1. ટીકુબહેનને શું બહુ ગમતું?
2. તમે શું વાંચો છો?
3. ટીકુબહેને તેના મમ્મી-પપ્પાને શું કરવાનું કહ્યું?
4. બધા ટીકુબહેનને ક્યાં શોધતા હતા?
5. ટીકુબહેન ક્યાંથી મળ્યાં?

## 10. જોડો અને લખો.

| અ | બ |
|---|---|
| 1. ટીકુબહેનને | ક. ઘણી બધી ચોપડીઓ હતી. |
| 2. તેનું લેશન | ખ. બૂમો પડી શોધતા હતા. |
| 3. તેના ઘરમાં | ગ. સંતાઈને વાંચતાં હતાં. |
| 4. તે પલંગ નીચે | ઘ. વાર્તાનો જીન કરી આપતો. |
| 5. બધા ટીકુબહેનને | ચ. વાંચવાનું ખૂબ ગમતું. |

## 11. જુઓ, સમજો અને લખો.

ઉદા. **નખીશો – શોખીન**

1. ડીપચો - ___________
2. નજી - ___________
3. નશલે - ___________
4. ચેળિફ - ___________
5. નહેબકુટી - ___________
6. ગલંપ - ___________
7. જ્ઞાઆ - ___________
8. ળાવાજઅ - ___________

# Answer sheet.

## 1. નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

ઉ.1. વાંદરાનું નામ ખટખટ હતું.

ઉ.2. વાંદરાની ચિંતા સુઘરી કરતી હતી.

ઉ.3. ઘર વગર વાંદરાઓને શિયાળામાં ખુબ ઠંડી લાગી, ઉનાળામાં ગરમીથી રેબઝેબ થઈ ગયા અને ચોમાસામાં વરસાદમાં ભીંજાય ગયા જેથી તેમને ઠંડી ખૂબ લાગી.

ઉ.4. ઠંડીથી બચવા વાંદરાઓએ લાલ મરચાંનો ઢગલો કરી તાપણી કરવા બેઠા.

ઉ.5. 'આ નાનકડી સુઘરી મને સલાહ આપવા નીકળી છે.' – એવું વાંદરાએ કહ્યું કારણ કે તેને એવું લાગતું હતું કે તે સુઘરી કરતા વધારે હોશિયાર છે.

ઉ.6. વાંદરાઓ વારંવાર 'હૂપ હૂપાહૂપ હૂપ... હૂપ હૂપાહૂપ હૂપ...' એમ બોલતા હતા.

ઉ.7. સુઘરીની સલાહ સાચી હતી. કેમ કે ઘર ન હોવાના કારણે વાંદરાઓને બધી ઋતુમાં તકલીફ થતી હતી.

ઉ.8. સુઘરીએ વાંદરાની ચિંતા કેમ કે વાંદરાઓ તેની વાત માનતા ન હતા ને ઘર પણ બનાવતા ન હતા.

ઉ.9. નીચેનામાંથી કોણ-કોણ પોતાનું ઘર બનાવે?

(2) ચકલી (3) કબૂતર (4) કૂતરો

## 2. છૂટી ગયેલા શબ્દ શોધો. વાક્યમાં જોઈ વાક્ય ફરીથી લાખો.

ઉ.1. ખટખટે એક ઘર પાસે અચરજ જોયું.

ઉ.2. બિચારા વાંદરાભાઈ ઠંડીથી કેવા થથરે છે!

ઉ.3. ઉનાળામાં ગરમી ઓછી લાગશે ને ચોમાસમાં વરસાદથીય બચી શકાશે.

ઉ.4. ખટખટ, એય ખટખટ... તારે ઘર નથી બનાવવું?

ઉ.5. વાંદરાઓએ ઘર ન બનાવ્યું તે ન જ બનાવ્યું.

## 3. ખાલી જગ્યા પૂરો.

ઉ.1. નવાઈ

ઉ.2. લાલ અંગારા, લાલ મરચાં

ઉ.3. મિત્રો

ઉ.4. પરસેવો

ઉ.5. ફિકર

## 4. સરખા અર્થવાળા વાક્યોને જોડો.

| અ | બ |
|---|---|
| 1. બધા ધ્રૂજતા ધ્રૂજતા બોલતા હતા. | ગ. તેઓ ઠંડીથી થથરતા થથરતા વાતો કરતા હતા. |
| 2. અચાનક વરસાદ તૂટી પડ્યો. | ક. આકાશમાંથી ખુબ પાણી વરસ્યું. |
| 3. આકાશમાંથી આગ વરસી રહી છે. | ઘ. ખુબ તાપ લાગે છે. |
| 4. બારેમાસ એક ઝાડથી બીજા ઝાડ પર ફરે. | ચ. આખું વર્ષ તેઓ ફર્યા કરે. |
| 5. વાંદરાઓએ પૂછડીઓનો મિનારો બનાવ્યો. | ખ. તેમણે ઊંચો મિનાર જેવો આકાર કર્યો. |

**5. ઋતુ ઓળખો અને લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| 1. શિયાળો | 2. ચોમાસું | 3. ઉનાળો | 4. ઉનાળો | 5. શિયાળો |
| 6. ઉનાળો | 7. ઉનાળો | 8. શિયાળો | 9. શિયાળો | 10. ચોમાસું |

**6. શું હલકું? શું ભારે? કેવી રીતે ખબર પડે? લખો.**

ઉ.1. ઝાડની ડાળ. વજનથી ખબર પડે.

ઉ.2. લાકડાનું ટેબલ. વજનથી ખબર પડે.

ઉ.3. કહી ન શકાય.

ઉ.4. કહી ન શકાય.

ઉ.5. કહી ન શકાય.

**7. કોણ છે તે શોધો અને તેના વિશે એક વાક્ય લખો.**

ઉ.1. કરોળિયો

વાક્ય: કરોળિયો જાળું બનાવી શિકાર કરે છે.

ઉ.2. કરચલો

વાક્ય: કરચલો એક જળચર પ્રાણી છે.

ઉ.3. દરજીડો

વાક્ય: દરજીડો સુંદર માળો બનાવે છે.

ઉ.4. કાનખજૂરો

વાક્ય: કાનખજૂરા ને નાના જીવજંતુનો શિકાર કરે છે.

**8. તફાવત શોધો અને લખો.**

| તેજલનું ઘર | વિવેકનું ઘર |
|---|---|
| # તેજલના ઘર પાસેનો લીમડો જાડો છે. | # વિવેકના ઘર પાસેનો લીમડો પાતળો છે. |
| # લીમડા ઉપર પક્ષી બેઠું છે. | # લીમડા ઉપર કોઈ પક્ષી બેઠું નથી. |
| # ઘરની આગળ દાદા બેઠા છે. | # ઘરની આગળ દાદીમાં બેઠા છે. |
| # આકાશમાં ત્રણ પક્ષી છે. | # આકાશમાં બે પક્ષી છે. |
| # દીવાલ પર બે બારીઓ છે. | # દીવાલ પર એક બારી છે. |
| # દરવાજાની બાજુઓ પર શુભ-લાભ લખેલું છે. | # દરવાજાની બાજુઓ પર સ્વસ્તિક બનાવેલા છે. |
| # ઘરની બહાર બે મોટા પથ્થર છે. | # ઘરની બહાર એક મોટો પથ્થર છે. |
| # બારી ની નીચે એક લીલા રંગનું લંબચોરસ છે. | # બારી ની નીચે એક ભૂરા રંગનું વર્તુળ બનાવેલ છે. |

**9. કાવ્યનું વાંચન કરી તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

ઉ.1. ટીકુબહેનને વાંચવાનું બહુ ગમતું.

ઉ.2. પુસ્તકો, સમાચાર પત્ર, વાર્તાઓ...

ઉ.3. ટીકુબહેને તેના મમ્મી-પપ્પાને વાંચવાનું કહ્યું.

ઉ.4. બધા ટીકુબહેનને આખા ફળીયામાં શોધતા હતા.

ઉ.5. ટીકુબહેન પલંગ નીચેથી મળ્યાં.

## 10. કાવ્યનું વાંચન કરી તેના આધારે નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.

| અ | બ |
|---|---|
| 1. ટીકુબહેનને | ચ. વાંચવાનું ખૂબ ગમતું. |
| 2. તેનું લેશન | ઘ. વાર્તાનો જીન કરી આપતો. |
| 3. તેના ઘરમાં | ક. ઘણી બધી ચોપડીઓ હતી. |
| 4. તે પલંગ નીચે | ગ. સંતાઈને વાંચતાં હતાં. |
| 5. બધા ટીકુબહેનને | ખ. બૂમો પડી શોધતા હતા. |

## 11. જુઓ, સમજો અને લખો.

1. ચોપડી
2. જીન
3. લેશન
4. ફળિયે
5. ટીકુબહેન
6. પલંગ
7. આજ્ઞા
8. અજવાળા